# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी

**(Estd.by Govt.of Gujarat)**
**(Accredited with A+ Grade by NAAC)**
Rajendrabhuvan Road,Veraval,Dist-Gir Somnath-362266
Ph.-02876-244532/28
www.sssu.ac.in, E-Mail-sssu.exam@gmail.com

---

જા.નં.સસયુ/પરીક્ષા/1135/૨૩ તા.૧૯/૦૬/૨૦૨૩

પ્રતિ,
(૧) પ્રધાનાચાર્યશ્રી/આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,
યુનિ.સંલગ્ન સર્વે સંસ્કૃત મહાવિદ્યાલયો/કોલેજો/અનુસ્નાતક ભવન
(૨) કો–ઓર્ડિનેટરશ્રી
તમામ પીજીડીસીએ સ્ટડી સેન્ટર
(૩) સંયોજકશ્રી
તમામ ડિપ્લોમા સેન્ટર

વિષય : પુનઃમૂલ્યાંકન ગુણ ચકાસણી અંગેના નિયમો બાબત.

શ્રીમાન/શ્રીમતિ,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા ચાલતા તમામ અભ્યાસક્રમોમા પુનઃમૂલ્યાંકન અંગેના નિયમો જે કાર્યરત હતા તેમા સુધારા કરી નવા નિયમો આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

ઉપરોક્ત નિયમોથી વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓને માહિતગાર આપની કક્ષાએથી કરવા વિનંતી છે.

(ડો.યોગેશ એલ. પટેલ)
પરીક્ષા નિયામક
Controller of Examination
Shree Somnath Sanskrit University
Veraval,Dist:Gir Somnath (Gujarat)

બિડાણ: પુનઃમૂલ્યાંકન અંગેના સુધારેલા નિયમો.

# श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी

(Estd.by Govt.of Gujarat)

**(Accredited by NAAC A+ Grade (CGPA 3.42)**

Rajendrabhuvan Road,**Veraval**,Dist-Gir Somnath-362266

Ph-02876-244528/244532

Web : www.sssu.ac.in E-Mail-sssu.exam@gmail.com

UGC-12B


Ref : SSSU/Exam/ પુનઃ મૂલ્યાંકન નિયમ સુધારા/1133/23 Date:17-06-2023

પરિપત્ર નં. ::– **34**

<u>વિષય :–</u> પુનઃ મૂલ્યાંકન (Reassessment) અને ગુણ ચકાસણી (Rechecking) અંગેના નિયમોમાં સુધારા બાબત.

<u>વંચાણે લીધા :–</u>

(૧) પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણીના નિયમોમાં ફેરફાર કરવા માટેની સમિતિની તા.૨૩/૦૫/૨૦૨૩ ની બેઠકની કાર્યનોંધ

(૨) એકેડેમીક કાઉન્સીલ તા.૦૩/૦૬/૨૦૨૩ ની બેઠકની કાર્યનોંધના ઠરાવ ક્રમાંક : ૪૪:૨૦

(૩) એક્ઝીક્યુટીવ કાઉન્સીલ તા.૧૪/૦૬/૨૦૨૩ની બેઠકની કાર્યનોંધના ઠરાવ ક્રમાંક : ૮૯:૦૨

(૪) માન.કુલપતિશ્રીની તા.૧૭/૦૬/૨૦૨૩ ની નોંધ પરની મંજુરી.

યુનિવર્સિટીનાં પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણીના નિયમોમાં પરીવર્તન કરવા રચાયેલ સમિતિના સભ્યશ્રીઓની વંચાણે લીધેલ આમુખ (૧)ની કાર્યનોંધથી થયેલ ભલામણ તેમજ આમુખ (૨) અને (૩) થી મળેલ બહાલી અન્વયે યુનિવર્સિટીના વર્તમાન પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણીનાં નિયમોમાં સુધારા વધારા કરી આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવેલ છે. સદર પુનઃ મૂલ્યાંકન (Reassessment) અને ગુણ ચકાસણી (Rechecking) અંગેના નિયમો શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩–૨૪ થી અમલમાં આવશે.

## –:: પુનઃ મૂલ્યાંકન (Reassessment) અને ગુણ ચકાસણી (Rechecking) અંગેના નિયમો ::–
## (W.e.f. Academic year -2023-24 )

(૧) યુનિવર્સિટી પરીક્ષામાં વિદ્યાર્થીને કોઈ પ્રશ્નપત્ર / પ્રશ્નપત્રોની ઉત્તરવહીઓના મૂલ્યાંકનથી અસંતોષ થયો હોય તેવા વિદ્યાર્થીએ નીચેના નિયમોને આધિન પોતાની ઉત્તરવહીની ગુણ ચકાસણી અથવા ઉત્તરવહીના પુનઃ મૂલ્યાંકન માટે અરજી કરી શકશે.

(૨) પુનઃ મૂલ્યાંકન કે ગુણ ચકાસણી માટે પરિણામ પ્રસિધ્ધ થયેથી ૧૦ દિવસની અંદર યુનિવર્સિટીને અરજી કરવાની રહેશે.

(૩) પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણી માટે વિદ્યાર્થીએ યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે, તેમજ Axis easy pay મારફત ફી ભરવાની રહેશે.

(૪) એક પેપરનાં પુનઃમૂલ્યાંકન (**Reassessment**)ની ફી રૂ.૨૦૦/– રહેશે અને ગુણ ચકાસણી (**Rechecking**) ની ફી રૂ.૧૦૦/–રહેશે.

(૫) કોઈપણ ડિગ્રી સેમેસ્ટરના કે ડિપ્લોમા અભ્યાસક્રમના મહત્તમ બે (૨) પેપરમાં પુનઃમૂલ્યાંકન / ગુણ ચકાસણી કરાવી શકાશે. (ઉદાહરણ (૧) કોઈપણ બે પેપર પુનઃ મૂલ્યાંકન અથવા ગુણ ચકાસણી ઉદહારણ (૨) કોઈપણ એક(૧) પેપર પુનઃ મૂલ્યાંકન તથા કોઈપણ (૧) પેપરની ગુણ ચકાસણી) આમ કુલ મળીને બે પેપરનું પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણી કરાવી શકશે.

(૬) યુનિવર્સિટીની થીયરી પરીક્ષાની ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણી થઈ શકશે.

(૭) આંતરિક પરીક્ષા / વાઈવા / પ્રેકટીકલ / સ્વાધ્યાય કાર્ય / ટમ વર્ક / રિસર્ચ પ્રોજેકટ / શોધ નિબંધ / અહેવાલ / ઓનલાઈન પરીક્ષા / નોન ક્રેડિટ વિષયનું પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણી થઈ શકશે નહી.

(૮) પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણી માટે અધૂરી વિગતવાળા, નિયત ફી ભર્યા વગરના, કે નિયત તારીખ બાદ મળેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી કે તે બાબતે વિદ્યાર્થીને યુનિવર્સિટી દ્વારા જાણ કરવામાં આવશે નહી.

(૯) પુનઃ મૂલ્યાંકન (Reassessment) ની ભરેલ ફી નોન–રીફંડેબલ રહેશે. (ગુણ ચકાસણીમાં (Rechecking) જો પરીણામમાં પરીવર્તન થશે તો ગુણ–ચકસણીની ફી વિદ્યાર્થીને પરત કરવામાં આવશે.)

(૧૦) **ગુણ ચકાસણી (Rechecking) :** ઉત્તરવહીની ચકાસણીમાં ગુણની ગણતરીમાં ભૂલ હશે તો ગુણ સુધારવામાં આવશે. ઉત્તરવહીમાં પરીક્ષક દ્વારા તમામ ઉત્તરો તપાસવામાં આવ્યા છે કે કેમ ? તે ચકાસવામાં આવશે, અને જો ન તપાસાયા હોય તો જે તે પરીક્ષક પાસે ઉત્તરો તપાસાવી અને ઉત્તરવહી પરના કુલ ગુણ માર્કલિસ્ટના ગુણ સાથે મળે છે કે કેમ તે ચકાસણી કરવામાં આવશે. જો ઉત્તરવહીની ગુણ ચકાસણીમાં ગુણમાં ફેરફાર થાય તો તે ફેરફાર મુજબ વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવામાં આવશે.

(૧૧) **પુનઃ મૂલ્યાંકન : (Reassessment)** પુનઃ મૂલ્યાંકનમાં અસલ મૂલ્યાંકન (Original Assessment) અને પ્રથમ પુનઃ મૂલ્યાંકન (First Reassessment)નાં મેળવેલ ગુણમાં કુલ ગુણના ૧૦ % થી ઓછા ગુણનો તફાવત આવશે તો પરિણામમાં કોઈ ફેરફાર થશે નહી. ( દા.ત. ૭૦ ગુણના પ્રશ્નપત્રમાં ૭ થી ઓછા ગુણનું પરિવર્તન લાગુ પડેશે નહી. )

(૧૧.૧) **પુનઃ મૂલ્યાંકન :** પ્રથમ પુનઃ મૂલ્યાંકન (First Reassessment)નાં મેળવેલ ગુણમાં કુલ ગુણના ૧૦ % થી વધુ પરંતુ ૨૦ % સુધીના ગુણનો સુધારો આવશે તો પરિણામમાં સુધારો કરવામાં આવશે. (દા.ત. ૭૦ ગુણના પ્રશ્નપત્રમાં ૭ કે તેથી વધુ પરંતુ ૧૪ ગુણ સુધીના ગુણ પરિવર્તન લાગુ પડશે.)

(૧૧.૨) **પુનઃ મૂલ્યાંકન (Second Reassessment)** : યુનિવર્સિટીના મૂલ્યાંકન બાદ વિદ્યાર્થી દ્વારા કરેલ અરજી અન્વયે પ્રથમ પુનઃ મૂલ્યાંકન દરમ્યાન કુલ ગુણના ૨૦ % થી વધુ ગુણનો સુધારો થયેલ હશે તેવી ઉત્તરવહીઓનું ફરી પુનઃ મૂલ્યાંકન **(Second Reassessment)** યુનિવર્સિટી કક્ષાએથી કરાવવામાં આવશે. જેમાં કુલ ત્રણેય મૂલ્યાંકનમાં મેળવેલ ગુણ પૈકી જે બે મૂલ્યાંકનમાં વધુ ગુણ મેળવેલ હશે તેના એવરેજ ગુણને ગણતરીમાં લેવામાં આવશે.

(૧૨) જયાં સુધી પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણીનું પરીણામ જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીનું અસલ પરીણામ તમામ હેતુ માટે ગણત્રીમાં લેવાનું રહેશે.

(૧૩) પુનઃ મૂલ્યાંકન તેમજ ગુણ ચકાસણી થયા બાદ ગુણમાં વધારો કે ઘટાડો વિદ્યાર્થીને બંધન કર્તા રહેશે.

(૧૪) શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ જો પુનઃ મૂલ્યાંકનનું પરીણામ જાહેર કરવામાં આવે તો, સદર વિદ્યાર્થી ઉપલા વર્ગમાં, પ્રવેશના નિયમોને આધિન પ્રવેશ માટે લાયક ગણાશે.

(૧૫) પુનઃ મૂલ્યાંકન / ગુણ–ચકાસણી માટે પરીક્ષકને યુનિવર્સિટીના નિયમોનુસાર પુરસ્કાર ચૂકવવામાં આવશે.

(૧૬) પુનઃ મૂલ્યાંકન / ગુણ ચકાસણી થયેથી પરીણામમાં કોઈ ફેરફાર થશે ત્યારે ગેસીગના નિયમોનો અમલ કરી વિદ્યાર્થીનું પુનઃ પરીણામ જાહેર કરવામાં આવશે.

(૧૭) પરીક્ષા શુધ્ધિ સમિતિ દ્વારા જો કોઈ વિદ્યાર્થીને નિર્દોશ (Innocont ) જાહેર કરવામાં આવે તો તે વિદ્યાર્થી પુનઃ મુલ્યાંકન/ગુણ–ચકાસણી માટે કોપીકેશનું જાહેરનામું(નોટીફિકેશન)બહાર પડયેથી દિન–૧૦ માં અરજી કરી શકશે.

(૧૮) જે વિદ્યાર્થીઓના પરીણામમાં ફેરફાર થયેલ હશે તેવા જ વિદ્યાર્થીઓનું ગુણ ચકાસણી / પુનઃ મૂલ્યાંકનના પરીણામનું નોટીફિકેશનમાં જાહેર કરવામાં આવશે.

(૨૦) પુનઃ મૂલ્યાંકન / ગુણ–ચકાસણી માટે અધ્યાપકશ્રીઓને ૭ દિવસનો સમય આપવામાં આવશે.

(૨૧) પ્રશ્નપત્રના ઉત્તરના ભાષા (માધ્યમ) બાબતે યુનિવર્સિટીના નિર્ણય અન્વયે "શાસ્ત્રી સત્ર–૦૧ માં ઉત્તરનું માધ્યમ ગુજરાતી / હિન્દી / સંસ્કૃત પૈકી કોઈપણ ભાષામાં વિદ્યાર્થી ઉત્તર (જવાબ) લખી શકશે તથા શાસ્ત્રી સત્ર–૦૨ થી સત્ર–૦૬ અને આચાર્ય સત્ર–૦૧ થી સત્ર–૦૪માં પ્રશ્નપત્રમાં ઉત્તરનું માધ્યમ ફક્ત સંસ્કૃત રહેશે."

(૨૨) જે વિદ્યાર્થીએ ક્રમ (૨૧) માં દર્શાવ્યા અનુસાર ઉત્તરના માધ્યમમાં જવાબો લખેલ નહી હોય તો તે વિષયમાં "૦૦" માર્ક્સ આપવામાં આવશે.

(૨૩) પુનઃ મૂલ્યાંકન / ગુણ–ચકાસણીના નિયમો અનુસંધાને કોઈ અર્થઘટનનો પ્રશ્ન ઉદભવે કે કોઈ વિસંગતતા ઉભી થયા ત્યારે કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

સદર પરીપત્ર આમુખ (૪) પરની માન.કુલપતિશ્રીની મંજુરીને આધીન બહાર પાડવામાં આવે છે.

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ
**Registrar**
**Shree somnath Sanskrit University**
**Veraval,Dist.Gir Somnath (Gujarat)**

નકલ રવાના :–

પ્રતિ,

૧) માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ...

૨) યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય / કોલેજ/ અનુસ્નાતક ભવન તરફ ...

૩) યુનિવર્સિટી સંલગ્ન પીજીડીસીએ સ્ટડી સેન્ટરો તરફ...

૪) યુનિવર્સિટી સંલગ્ન ડિપ્લોમા અભ્યાસ કેન્દ્રો તરફ...

૫) કમ્પ્યુટર પ્રોગ્રામરશ્રી તરફ – યુનિ.ની વેબસાઈટ પર મૂકવા સારૂ.